જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૬/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૬	૬	૧૧૫૧૨	૧૭૬૨૫	૬	૧૭૬૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૭	૦	૮૭	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૧૯૬૫	૫૩૪	૫૨૪૯૯	૫૨૬૪૪	૪૮૭	૫૩૧૩૧
કુલ		૬૮૨૬૬	૫૪૦	૬૮૮૦૬	૭૬૮૧૫	૪૯૩	૭૭૩૦૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૬	૩,૧૬,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૬૯	૨૮,૬૯,૦૦૦/-

તડીપાર થયેલ વ્યક્તિની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

તડીપાર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી તડીપાર ઇસમોને ચેક કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ તડીપાર ઇસમોને ચેક કરવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રીની સુચનાથી એ.એસ.આઇ નારણભાઇ મુળજીભાઇ બ.નં.૭૫૫૭ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો પંકજકુમાર આત્મારામ બ.ન.૪૧૭૮ નાઓને મળેલ બતામી હકિકત આધારે અત્રેના પો.સ્ટે તડીપાર હુકમ નં.ક્રમાંક- તડીપાર હુકમ નં.ક્રમાંક-જી/હદપ/૦૭/૨૦૧૮ તા-૨૦/૦૯/૨૦૧૮ બજવણી તા-૨૮/૦૯/૨૦૧૯ થી બે વર્ષ માટે અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લાઓમાંથી તડીપાર હોવા છતા કોઈપણ જાતની સત્તાધિકારીની મંજુરી વગર અત્રેની હદમાં પ્રવેશી પો.કમિશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમનો ભંગ કરી અત્રે પ્રવેશેલ ઇસમ નામે અનીલ ઉર્ફે અન્ના સ/ઓ રાજેશભાઇ મદ્રાસી ઉ.વ.૨૪ ધંધો.છુટક મજુરી રહે. વાસણા પોલીસ ચોકીની પાછળ કંતનવાસ સુરાઇનગરના કાચા છાપરા વાસણા અમદાવાદ શહેર નાને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે તા-૦૪/૦૬/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

બાપુનગર પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીજન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર એ.પી.ગઢવી બાપુનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તાર મા રહેતા આમીરખાન ઉર્ફે કાનખડા ઉર્ફે બાબા સ/ઓ ફિરોજખાન જાતે પઠાણ ઉ.વ ૨૩ રહે. મ.ન ૨/૩૬ ગાયત્રીનગર સુંદરમનગર ગુજરાત બોટલીંગ પાછળ બાપુનગર અમદાવાદ શહેર નાનો શરીર સબંધી ગુનાઓ કરવાની પ્રવૃતી સાથે સંકળાયેલ હોય તેના વિરૂધ્ધમાં (૧) બાપુનગર પો.સ્ટે. પાર્ટ એ નં. ૧૧૧૯૧૦૦૭૨૦૦૫૫૯A૨૦૨૦ ઈપીકો કલમ ૩૨૩,૩૨૪, ૨૯૪(ખ) , ૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ) મુજબ તથા (૨) બાપુનગર પો.સ્ટે ગુર.નં-૧૧૧૯૧૦૦૭૨૧૦૬૦૯/૨૧ ઈ.પી.કો કલમ ૩૩૨.૩૫૩.૧૪૩.૧૪૭.૧૪૮.૧૪૯. ૧૮૬. ૨૨૪.૨૨૫.૨૯૪(ખ) તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) તથા (૩) રામોલ પો.સ્ટે ગુર.નં-૧૧૧૯૧૦૨૪૨૧૦૧૫૫/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૪૫૨, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪, ૪૨૭ તથા જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ છે સદરી આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્રીત કરી મે. પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ કરતાં મજકુર પાસા અટકાયતીને આજરોજ પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે "ભુજ જેલ " ખાતે મોકલી આપવામાં આવેલ છે. તા. ૦૨/૦૬/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૧,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૧**

વાડજઃ મિતેષભાઈ દિનેશચંદ્ર પરીખ (ઉ.વ.૪૭) (રહે. આવાસ ફ્લેટ નંદ બંગલો પાછળ પાવાપુરી રોડ ઘાટલોડીયા) એ તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સાકાર-૩, સી.યુ.શાહ કોલેજ પાછળ જુની હાઈકોર્ટે બિલ્ડિંગ સામે ઇન્કટેલ ખાતે અરમાન ફાઈનાન્સિયલ સર્વિસ લીમીટેડ ખાતે કલેક્શન એઝ્યુકેટીવ તરીકે નોકરી કરતા આરોપી પાર્થ વિરેશભાઈ રાવળ (રહે. જેઠાલાલની પોળ ખાડીયા) એ લોન લીધેલ ગ્રાહકો પાસેથી ઉઘરાવેલ કુલ નાણા ૭૮,૧૨૯/- કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

રામોલઃ સુધીર ભાઉસાહેબ પોટભરે (ઉ.વ.૪૬) (રહે. બ્લ્યુ આઈરીશ આર.એફ.કેમ્પ સામે વસ્ત્રાલ) એ તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુધીર પોટભરે અગાઉ મહારાષ્ટ્ર ખાતે રહેતા હતા ત્યારે પાડોશમાં રહેતા ગોપાલ કુમાર (રહે. ગામ અષ્ટી અમરાવતી નાગપુર મહારાષ્ટ્ર) સાથે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ અમદાવાદ ખાતે સુધીર પોટભરે પાસે આવી લોકડાઉનમાં બેકાર હોવાની વાત કરી પોતે ગાડી ચલાવી રોજગારી મેળવવાની અને ગાડીનુ ભાડું આપવાની વાત કરી સુધીર પોટભરેની મારૂતી સુઝુકી કંપનીની અર્ટીગા ગાડી નંબર એમએચ ૧૨ કેજે ૧૭૯૨ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધી પરત નહી આપી અન્ય વ્યક્તિને ગીરવે આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧) જેતલપુર ખાતે રહેતા અને ત્યા જ પ્લાસ્ટીકની ફેક્ટરીમાં કામ કરતા પ્રકાશ ભેરૂલાલ કુમાવત (ઉ.વ.૧૭) (મુળ વતન.ગામ–થલા તા.રાયપુર જી-ભીલવાડા રાજસ્થાન) તા.૦૩/૦૬/૨૦૨૧ સવારના ૧૦/૫૦ વાગ્યા પહેલા બારેજા જેતલપુર તરફ જતા ગોકુલેશ રાઈસ મીલ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કન્ટેનર નંબર એમએચ ૧૪ સીપી ૨૪૪૦ ના ચાલકે કન્ટેનર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા પ્રકાશ કુમાવત નીચે પડી જતા કન્ટેનરનુ ટાયર પ્રકાશ કુમાવતના માથાના ભાગે ફરી વળતા તેમનું સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પ્રકાશ કુમાવતના ભાઈ રોશન કુમાવતે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨) ટુટાજી અજબાજી મેઘવાલ (રહે. બંગાળીની ગલી ગણેશનગર પીરાણા રોડ નારોલ) એ તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાનો પુત્ર જયંતી (ઉ.વ.૧૭) મિત્રો સાથે એક્ટીવા પર બેસી પીપળજથી પિરાણા જતા ગ્યાસપુર તલાવડી જવાના રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા રિક્ષાના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા જયંતીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૧**

એલીસબ્રીજઃ ઇન્દુબહેન વા/ઓ મહેન્દ્રભાઇ વોશ (ઉ.વ.૪૦)(રહે.ઉદય મહેનતપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

સરખેજઃ નરગીસબાનું વા/ઓ રીઝવાનભાઇ સૈયદ (ઉ.વ.૨૬)(રહે.સમીર રેસીડન્સી મકરબા રોડ સરખેજ) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૬/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એમ" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી